# ગૂર્જરેશ્વર કુમારપાળ વિનિર્મિત
# શ્રી તારંગાતીર્થ



શેઠ આણંદજી કલ્યાણજી પેઢી (ધાર્મિક ટ્રસ્ટ)
અમદાવાદ-૩૮૦૦૦૭



કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને પરમાર્હત્ રાજા કુમારપાળ



ોડેસવાર રાજા કુમારપાળ


પ્રકાશક : કર્નલ ગૌતમ શાહ : જનરલ મેનેજર

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી શ્રી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,

નવા શારદા મંદિર રોડ,પાલડી, અમદાવાદ૩૮૦ ૦૦૭ .

ફોન નં. ૦૭૯-૨૬૬૪૪૫૦૨ / ૨૬૬૪૫૪૩૦ ફેક્સ : ૦૭૯ - ૨૬૬૦૮૨૪૪

E-mail : shree_sangh@yahoo.com, info@anandjikalyanji.com

પ્રથમ સંસ્કરણ : ફેબ્રુઆરી - ૨૦૧૫

નકલ : ૫૦૦૦ મૂલ્ય ₹ ૩૦/-

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ, (નિકુંજ શાહ) અમદાવાદ મો. ૯૮૨૫૨૬૧૧૭૭

ડીઝાઈન : વિજય પંચાલ ● ફોટોગ્રાફી : પલક ઝવેરી (ઝવેરી સ્ટુડીયો)

વિ.સં. ૧૩૩૪ ઈ.સં. ૧૨૭૮ ગુર્જરેશ્વર કુમારપાળ દ્વારા વિનિર્મિત
તથા ઈડરના ગોવિન્દશ્રેષ્ઠિ દ્વારા વિ.સં. ૧૪૭૯ ઈ.સં. ૧૪૨૩માં પુનઃ પ્રતિષ્ઠિત

# શ્રી અજિતનાથ જિનપ્રાસાદ



વિશાળ પરિસરમાં દેરાસરોનો સમૂહ



ક્ષેત્રપાળની દેરી

## શ્રી તારંગાતીર્થ

ગુજરાતમાં પહાડ પરનાં તીર્થોમાં તારંગા વિશિષ્ટ તીર્થસ્થળ છે. વિ.સં.૧૨૨૧ માં શ્રીસોમપ્રભાચાર્યે રચેલા "કુમારપાલ પ્રતિબોધ"થી જાણવા મળે છે કે, વેણી વત્સરાજ નામના બૌદ્ધધર્મી રાજાએ અહીં તારાદેવું મંદિર બંધાવેલું ત્યારથી આ સ્થળ "તારાપુર" નામે પ્રસિદ્ધ પામ્યું છે. એ પછી આર્ય ખપુટાચાર્ય (વિક્રમની પહેલી શતાબ્દિ)ના ઉપદેશથી તે રાજા જૈનધર્મી બન્યો ત્યારે તેણે અહીં જિનેશ્વરદેવની શાસનાધિષ્ઠાત્રી સિદ્ધાયિકાદેવીનું મંદિર બંધાવી જૈનોના તીર્થ તરીકે પ્રસિદ્ધ આપી. જો કે કેટલાક ઈતિહાસકારો આ વાત સાથે સહમત નથી. એ પછીના લગભગ તેરમાં સૈકા સુધીનો આ તીર્થનો ઈતિહાસ અજ્ઞાત રહ્યો છે.

કળાથી ખીચોખીચ ભરાયેલ ઉત્તુંગ શિખરની ભવ્યતા






વિવિધ દેવ-દેવીઓની વિભિન્ન મુદ્રાઓ

તેરમા સૈકામાં તારંગાગિરિ ઉપર બંધાયેલો બાવન દેવકુલિકાવાળો ઉત્તુંગ દેવપ્રસાદ આજે પણ જૈનાચાર્ય શ્રીહેમચંદ્રસૂરિ અને ગૂર્જરનરેશ કુમારપાલની 900 વર્ષ પહેલાંની કીર્તિ ગાથા સંભળાવતો અડગ ઉભો છે, તેને આજ સુધી આવો ગરવો અને સુરક્ષિત બનાવી રાખવા માટે કેટલાયે દાનવીર જૈન શ્રેષ્ઠિઓએ સમયે સમયે જિર્ણોદ્ધાર કરીને વિસ્તાર્યો પણ છે. આ પર્વત અને તેની ગુફાઓમાં કેટલાયે યોગીઓ, મુનિઓ અને સાધકોની સ્મૃતિઓ જડાયેલી પડી છે, એથી જ એ વંદનીય તીર્થરૂપ બન્યો છે.

પ્રાચીન જૈન પ્રબંધો અને તીર્થમાળામાં તારંગાને તારઉર, તારાવરનગર, તારણગિરિ, તારણગઢ, વગેરે નામોથી ઉલ્લેખવામાં આવ્યો છે. વર્તમાનમાં તારંગા નામ પ્રસિદ્ધ થયું છે. મહેસાણાથી આવતી રેલવે લાઈનમાં તારંગા હીલ છેલ્લું સ્ટેશન છે.

પહાડ પર શ્વેતાબંરોનાં 5 મંદિરો અને 3 ટૂંકો અન્ય દેરીઓ છે. ચાર સુવિધા સંપન્ન ધર્મશાળાઓ તથા ભોજનશાળા છે. દિગંબરોનાં પણ પાંચ મંદિરો, 7 દેરીઓ અને



પ્રદક્ષિણા પથમાં પથરાતો કળા વૈભવ



પૂર્વાભિમુખ કલાત્મક પ્રવેશદ્વાર

ધર્મશાળા છે.


તીર્થના મુખ્ય પૂર્વ દ્વારથી પ્રવેશ કરતાં ડાબી બાજુએ શ્રી અજિતનાથ મંદિરની સન્મુખ આશરે ત્રણ ફીટ ઉંચાઈવાળી એક દેરીમાં કીર્તિસ્તંભ વિદ્યમાન છે. તેના ઉપર કુમારપાલના છેલ્લા વર્ષ સમયનો લેખ વંચાય છે.

પાંચ મંદિરોમાં શ્રી અજિતનાથ ભગવાનનું મંદિર વિશાળ ચોકથી ઘેરાયેલું ઉન્નત અને વિશાળ છે. આ મંદિર બંધાવવા માટે કુમારપાલ નરેશે શ્રેષ્ઠિ યશોદેવના પુત્ર દંડનાયક અભયને આદેશ કર્યો હતો.

રાજા કુમારપાળના રઝળપાટના દિવસોમાં ઉંદર તથા ૩૨ સોનામહોરોની અનુશ્રુતિ-વાર્તાના કારણે આ દેરાસર 'મૂષક વિહાર'ના નામે પણ ઓળખાય છે.

મુનિ પ્રભાચંદ્ર કૃત 'પ્રભાવકચરિત્ર' (વિ.સં. 9334 ઇ.સન. 1278)માં ઉલ્લેખ છે કે, કુમારપાળા રાજાએ અર્ણોરાજ ઉપરની ચડાઈ વખતે ભગવાન અજિતનાથની જે માનતા માની હતી તેની પૂર્તિરૂપે તેણે તારંગા ઉપર ૨૪ ગજ ઉચુ મંદિર બંધાવ્યું અને તેમાં ૧૦૧ આંગળ (ઇંચ)ની પ્રતિમાની સ્થાપના કરી હતી.


'પુરાતન પ્રબંધ સંગ્રહ'ના ઉલ્લેખથી જણાય છે કે, જ્યારે અજયપાળે જૈનમંદિરોને ધરાશાયી કરવા માંડ્યાં ત્યારે વસાહ અને આભડ નામના મુખ્ય શ્રેષ્ઠીઓએ સંઘને એકત્રિત કરી કુમારપાળે બંધાવેલા મંદિરને અજયપાળથી બચાવવા માટે શો ઉપાય કરવો તેની વિચારણાં કરતાં એ સમયના 'સીલનાગ' નામના અધિકારીને મળીને બાકી રહેલા તારંગાના મંદિરને બચાવવા માટે નિવેદન કર્યું. સીલનાગે યુક્તિ વાપરીને તારણગઢનું મંદિર અને બીજા મળીને ચારેક મંદિર બચાવી લીધા હતાં.



પૂર્વાભિમુખ દેરાસર-પ્રવેશ સોપાનશ્રેણી

**આ મંદિર બત્રીશ માળનું ઉંચું બંધાવેલું હતું. એમપણ કહેવાય છે.** આજે તો એના ત્રણ-ચાર માળ જ વિદ્યમાન છે. મંદિરને પહેલી નજરે નિહાળતો કલાભ્યાસી શિલ્પીએ યોજેલી શિલ્પશાસ્ત્ર મુજબની સર્વાંગ સુંદર રચનાની પ્રમાણસરતા પામી જાય છે. શિલ્પીએ આલેખેલી જગતીની ઉંચાઈ, જાડંબો, પદ્મો, કણી, અંતરણી, ગ્રાસપટ્ટી, કુંભો, કળશો વગેરે શિલ્પીય નિયમ મુજબ બરાબર યોજાયા છે. મંદિરમાં પથરાયેલું કલાલેખન સાદું છતાં સુઘડ અને વિવિધતાવાળું હોવાથી મનોહર લાગે છે. સોલંકીકાળની સૌંદર્યકળાનો આ ઉત્તમનમૂનો શિલ્પીય યોજનાનો આદર્શ અભ્યાસી આગળ ખડો કરે છે. અલબત્ત, એમાં પાછળથી થયેલાં સંસ્કરણો પણ નજરે પડે છે.

ઉત્તરાભિમુખ પ્રવેશદ્વાર



ઉચી ઉંચી તારંગાના દેરાસરની ટોચ રે.....



સત્તરમાં સૈકામાં થયેલા શ્રી ઋષભદાસ કવિ 'કુમારપાલરાસ'માં કહે છે કે, 'આ મંદિરના શિખરને કોઈ ક્ષતિ પહોંચી નથી.' એટલે એ પ્રાચીન કાળનું હોવાનું કહે છે.

પ્રાસાદનો મંડોવર અને શિખર ભાતભાતની કોરણીથી ભરેલાં છે. મંદિરની પાછળ ૬૪ દીવાલમાર્ગો છે, જેમાંથી એકે દીવાલ નકશી વિનાની નથી. એમાં યક્ષો, ગાંધર્વો અને નર્તિકાઓની ભાવનાત્મસૃષ્ટિ ઉભી કરી મૂર્તરૂપ આપવામાં કમી રાખી નથી. આબૂનાં મંદિરો જેવી ઝીણી કોરણી ન હોવા છતાં એની ભવ્યતા આંખને આંજી દે એવી તો છે જ. ખરેખર, આ મંદિરની ઉંચાઈ અજોડ છે.

મદિરની આસપાસ ૨૩૦ ફીટ જેવડો લાંબો-પહોળો ચોક છે. ચોકના મધ્યમાં 142 ફૂટ ઉંચું, ૧૫૦ ફીટ લાંબુ અને ૧૦૦ ફીટ પહોળું ભવ્ય મંદિર ગોઠવાયેલું છે. લગભગ ૬૩૯ ફીટનો ઘેરાવો આ મંદિરે રોકી લીધો છે. સમગ્ર મંદિર ખારા પથ્થરથી બાંધવામાં આવ્યું છે. ઇંટ અને ચૂનાનું મિશ્રણ એવું સપ્રમાણ શાસ્ત્રીય દ્રષ્ટિથી કરવામાં આવ્યું છે કે આજે ૮૦૦ વર્ષ વીત્યાં છતાંયે મંદિરની રચાના વિશેષ આંચ આવી નથી.

મંદિરનું મુખ અને દરવાજો પૂર્વાભિમુખ છે. પૂર્વનાં દરવાજામાં પ્રવેશ કરતાં અંબિકા માતા અને દ્વારપાલની મૂર્તિઓનાં દર્શન થાય છે. મંદિરમાં પ્રવેશ કરવાની ત્રણે દિશાએ ત્રણ પ્રચંડ દરવાજાને ત્રિશાખા દ્વાર છે અને પ્રવેશદ્વારના ઉંબરમાં બંને બાજુએ ગ્રાસમુખ છે. પગથિયાં આરસનાં પણ સાદાં છે.

મંદિરના સિહદ્વાર પાસે એક વિશાળ અગ્રમંડપ મંત્રી વસ્તુપાલે બંધાવ્યો હતો અને તેમાં બે બાજુએ બે વિશાળ ગવાક્ષો બનાવી ભગવાનની મૂર્તિઓ સ્થાપી હતી પરંતુ અત્યારે એ સ્થાપના વિદ્યમાન નથી. માત્ર લેખ સાથે પબાસણ આસનો મોજુદ છે.

મંદિરમાં મૂળ ગભારો ગૂઢમંડપ, રંગમંડપ અને ચોકીઓની વિભાગ રચના કરવામાં આવી છે. રંગમંડપમાંથી મૂળગભારામાં જવા માટે બે નાના દરવાજાઓ મૂકેલા છે. તે પછી જ મૂળ ગભારાનું પ્રવેશદ્વાર આવે છે મૂળગભારો ૧૮ ફીટ લાંબો અને ૨૩ ફીટ પહોળો છે. આખોયે ગભારો મકરાણાના આરસથી મઢેલો છે. મૂળગભારામાં મૂળનાયક તરીકે શ્રી અજિતનાથ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. આ મૂર્તિ ૧૫ હાથની ઉન્નત અને મનોહર છે. તેની બંને બાજુએ લાકડાની નિસરણી મૂકેલી છે. તે પર ચડીને મસ્તકે પૂજા થઈ શકે છે. આસપાસ પંચતીર્થીનું ભવ્ય પરિકર છે. મૂળનાયકની પલાઠી ઉપર ટૂંકો લેખ છે પણ તેનો ઘણોખરો ભાગ અત્યારે ઘસાઈ ગયો છે.




દિગ્પાલનું શિલ્પ

સં. ૧૪૭૯ માં ઇડરના રહેવાસી શ્રેષ્ઠી સંઘવી ગોવિંદે આ તીર્થોનો ઉદ્ધાર કરાવવા પૂર્વક નવ ભારપટ (ભારવટ) ચડાવ્યાં અને સ્તંભો પણ કરાવ્યાં તથા પોતાની ભાર્યા જાયલદે વગેરે કુટુંબની સાથે કલ્યાણ માટે શ્રી અજિતનાથ ભગવાનની મૂર્તિ ભરાવી અને તેની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી સોમસુંદરસૂરિજીના હાથે કરાવી.

આ ઉલ્લેખને પં. પ્રતિષ્ઠા સોમે સં. ૧૫૫૪ માં રચેલ "સોમસૌભાગ્યકાવ્ય"ના સાતમા સર્ગના વિસ્તૃત વર્ણનથી સમર્થન મળે છે.

શ્રી વિજયસેનસૂરિએ કેટલાં તીર્થોના ઉદ્ધારો કરાવ્યા, તેમાં તારંગાના મંદિરનો પણ ઉલ્લેખ છે અને એ ઉદ્ધારનો સ. ૧૬૪૨ ના અષાઢ સુદિ૧૦ નો લેખ મૂળ દેરાસરના દક્ષિણ દ્વારની ભીત ઉપર વિદ્યમાન છે.




મૂળનાયકની બંને બાજુએ ખૂણામાં એકેક મૂર્તિ છે. એ બંને મૂર્તિઓના પરિકર ઉપર પણ લેખો ઉત્કીર્ણ છે. આ બંને લેખો પૈકી પહેલો સં.૧૩૦૪ ના બીજા જેઠ સુદિ-૯ ને સોમવારનો અને બીજો લેખ સં. ૧૩૦૫ ના અષાઢ વદ ૭ ને શુક્રવારનો છે. બીજા લેખમાં શ્રી ધર્મઘોષસૂરિના શિષ્ય દેવેન્દ્રસૂરિનું નામ વધારે છે. બંનેના પ્રતિષ્ઠાપક આચાર્ય શ્રી ભુવનચન્દ્રસૂરિ છે. આ પ્રાચીન પરિકરોમાં ગોઠવેલી મૂર્તિઓ પાછળથી સ્થાપન કરી હોય એવી સંભાવના થાય છે.

નીચેના ભાગમાં બંને બાજુએ ખૂણામાં એકેક મોટી સુંદર કાઉસગ્ગિયા પ્રતિમાઓ છે.

આ બન્ને કાઉસગ્ગિયા ખેરાલુ અને પાલનપુરની વચ્ચે આવેલા સાલેમકોટ નામના ગામથી અડધો માઈલ દૂર રહેલા જૂના સાલેમકોટથી અથવા તેની આસપાસની જમીનમાંથી વર્ષો પહેલાં નીકળી આવ્યા હતા. ત્યાંથી લાવી અહીં પધારવામાં આવ્યા છે. આ બંને કાઉસગ્ગિયાની વચ્ચે મૂળનાયકના સ્થાને એકેક મોટી ઉભી જિનમૂર્તિ બનેલી છે અને તે બંનેમાં મૂળ મૂર્તિની બન્ને બાજુએ તથા ઉપર થઈને બીજી નાની અગિયાર-જિનમૂર્તિઓ બનેલી હોવાથી લેખમાં આનો ઉલ્લેખ **દ્વાદશબિંબ પટ્ટક**ના નામે કરેલો છે.


મૂળગભારાની આસપાસ પ્રદક્ષિણા પથ છે. તેમાં હવા-ઉજાસ માટે ત્રણ બારીઓ મૂકેલી છે. મૂળગભારા પછી ગૂઢમંડપ છે. આમાં એક ગોખલામાં મૂર્તિ છે.

વિ.સં. ૧૨૯૬ ના વૈશાખ સુદ ૩ ને દિવસે ઉત્કીર્ણ થયેલા આબૂના લૂણ-વસહી શિલાલેખમાં વરહુડીયાવંશીય શેઠ નેમડના કુટુંબના માણસોએ આબુ અને એ સિવાયનાં બીજા તીર્થો અને ગામોમાં પણ મંદિરો, મૂર્તિઓ, ગોખલા, દેરીઓ તથા જિર્ણોદ્ધાર વગેરે જે જે કરાવ્યું હતું તેનો ઉલ્લેખ કરેલો છે. તેમાં તારંગા વિશે આ પ્રમાણે ઉલ્લેખ છે.

"તારણગઢ ઉપર શ્રી અજિતનાથ (મંદિર)ના ગૂઢમંડપમાં શ્રી આદિનાથના બિંબથી યુક્ત ગોખલો કરાવ્યો."

આ શિલાલેખીય પુરાવો ઉક્ત સાલથી પૂર્વે મંદિર બનાવ્યાની હકીકતને પણ પ્રમાણિક ઠરાવે છે.






વિશાળ રંગમંડપ

મંદિરનો રંગમંડપ ૧૯૦ ફીટના ઘેરાવામાં છે અને ઘૂમટ અષ્ટભદ્ર અને ષોડશભદ્રવાળા આઠ સ્તંભો ઉપર ઉભો છે. આ સ્તંભોની ઉંચાઈ ૧૫ ફીટ અને જાડાઈ ૮ ફીટની છે. પાછળથી કાળજી પૂર્વક મૂકાયેલા બીજા ૧૬ સ્તંભો એને સહારો આપે છે. સમગ્ર મંદિરને સુરક્ષિતને સુરક્ષિત ટેકવી રાખવા માટે મંદિરની અંદર અને બહાર સો કરતાંયે વધુ સ્તંભોની હારમાળા ઉભી કરેલી છે. સ્તંભોની રચના સાવ સાદી છે. તેના નીચલા છેડે કુંભીઓ અને ઉપરના છેડે શિર મૂકેલાં છે.



વિશાળ રંગમંડપ તથા કલાત્મક ઘૂમટનો ભીતરીભાગ


ઘૂમટમાં વિદ્યાધરો અને દેવદેવીઓની નૃત્યપૂતળીઓ વિવિધ રંગોમાં નાટ્યની વાદ્યસામગ્રી સાથે અંગમરોડનો અભિનય દર્શાવતી ઉભી છે. નૃત્યના આ ભક્તિપ્રકારો ભારતીય કળાના સંસ્કારનું સ્મરણ કરાવે છે. આમાં બીજી શિલ્પકોતરણી નથી. બીજી રીતે ઘૂમટ તદન સાદો છે. વિશાળતા એજ એનું ગૌરવ છે.



છતમાં અવસ્થિત વિશેષ કલાત્મક શિલ્પ

સભામંડપના એક ગોખલામાં આચાર્યની એક ગુરુમૂર્તિ બિરાજમાન છે. તેની નીચે નામ કે લેખ નથી હાલમાં તે ગૌતમસ્વામીની પ્રતિમા તરીકે પૂજાય છે.

છ ચોકીના ઘૂમટનો દેખાવ મનોહર છે. તેની છતમાં સાદુ પણ સુરેખ અંકન છે. શૃંગારચોકીની છતમાં પણ બારીક કોતરણી ભરી છે. આ બધી શિલ્પીય કળા જોઈને ઘડીભર તો મુગ્ધ થઈ જવાય છે.



છતમાં અવસ્થિત વિશેષ કલાત્મક શિલ્પ




કાર્બોલિક લાકડા-કેગરના ટેકાવાળા શિખરનું ભીતરી દ્રશ્ય

મંદિરને ત્રણ માળ છે અ ને માળની રચના ઘડીભર ભૂલાવવામાં નાખી દે તેવી છે મંદિરને સુરક્ષિત રાખવા માટે આ માળમાં 'કેગર' (ટેગર - Veleriana Hardwickii)નામના લાકડાનો ઉપયોગ કરેલો છે. આવા લાકડાનો ઉપયોગ બીજા મંદિરમાં જવલ્લેજ જોવા મળે છે. આ લાકડું આગથી નાશ પામતું નથી, ઉલટું આગ લાગવાથી તેમાંથી પાણી છૂટવા માંડે છે.


શિખર સુધી પહોંચવા માટે દીવાલ માર્ગ છે. અને વચ્ચે રહેલા વિશાળ ગોળાકાર મંડપમાં ૧૧ પ્રતિમાઓ અને એક ધ્વજદંડ પુરુષની આકૃતિમાં દર્શન થાય છે. આ ભવ્ય મંડપની કારીગરી અદભૂત છે.


જૈન ધર્મના વર્તમાન ચોવિશીના બીજા તીર્થંકર
શ્રી અજિતનાથ ભગવાનને સમર્પિત

# શ્રી તારંગા તીર્થ



પથરાળ ડૂંગરાની વચ્ચે તારંગા તીરથધામ
જ્યાં અજિતનાથના બેસણા, એને કોટિ કોટિ પ્રણામ !





મરભૂત સ્તંભાવલિ પ્રભાતભૂમાં કોટિશિલાની દેરી

સામરથ ઉપર પથ્થરોલ શિલ્પકલાની વૈભવ




ચૌમુખજીનું દેરાસર



મંદિરની પૂર્વદિશાના દરવાજા પાસે ડાબી તરફ એક દેરીમાં શ્રી અજિતનાથ ભગવાનની મોટી પાદુકા જોડી ૧ છે. તથા વીસ વિહારમાન જિનની જોડી ૨૦ છે. તેની પાસેની એક દેરીમાં શ્રી વિજયસિંહસૂરિ તથા શ્રી સત્યવિજય પંન્યાસ આદિના ચરણપાદુકા જોડી 9 છે. બીજી એક દેરીમાં પ્રાચીન પાષાણના ઘડેલા ચૌમુખજી છે.


તેની પાસે ચૌમુખજીનું શિખરબંધી મંદિર છે. તેમાં પીળા રંગની ચાર ચૌમુખ મૂર્તિઓ છે.

તેની પાસે સહસ્રકૂટનું એક મોટું દેરાસર છે. મંદિરના મધ્ય ભાગમાં જ આરસમાં કોતરણી સહસ્રકૂટની રચના છે, જેમાં ૧૦૨૪ ભગવાનની મૂર્તિઓ કોતરેલી છે.




વીશસ્થાનક પટ્ટ (વચ્ચે અરિહંત પરમાત્મા)


૧૮૫૨ ગણધરોના પગલા



સમવસરણ



સંસાર - મધુબિંદુનું સુંદર અંકન



અષ્ટાપદ ઉપર બે તીર્થંકર ભગવંતો (લાંછન સાથે) તથા નૃત્ય કરતા રાવણ અને મંદોદરી

આ મંદિરના ચારે ખૂણામાં આરસમાં વિવિધ રચના કરેલી છે.

(૧) સમવસરણની રચનામાં ચૌમુખજીની ચાર મૂર્તિઓ બિરાજે છે.

(૨) બીજા ખૂણામાં ચરણપાદુકા જોડી છે. તેની વચ્ચે, ચાર નાના કદના થાંભલા મૂકીને તેના ઉપર એક સ્તૂપ જેવો આકાર ખડો કર્યો એ સ્તૂપમાં એક બાજુએ વીશસ્થાનક યંત્રનો પટ્ટ કોતરેલો છે. તેની એક બાજુએ મધુબિંદુનો ભાગ આલેખેલો છે. બીજી બાજુએ સિદ્ધચક્ર ભગવાનું યંત્ર ઉત્કીર્ણ છે. તેમજ ચૌદ રાજલોકનો ભાવ અંકિત કર્યો છે.

(૩) ત્રીજા ખૂણામાં અષ્ટાપદની રચના છ આની વિશેષતા એ છેકે આમાં ૨૪ તીર્થંકરોના અંહન નીચે દરેક તીર્થંકરના લાંછન પણ વિશિષ્ટ રીતે અંકાયેલા છે અને

(૪) ચોથા ખૂણામાં સમેતશિખરનો ભાવ કોતરેલો છે.



કલાત્મક જાળી




પંચ પરમેષ્ઠિમય નવપદ



ચૌદરાજલોકમય લોકપુરૂષ



સમ્મેતશિખરનું અંકન




સહસ્ત્રકૂટ




નંદીશ્વરદ્વીપ દેરાસરનું દ્રશ્ય

સહસ્ત્રકૂટ મંદિરની પાસે જ નંદીશ્વરદ્વીપની રચનાનું શિખરબંધી મોટું મંદિર છે. મંદિરના મધ્યભાગમાં આરંભમાં કોતરેલી જંબૂદ્વીપ આદિ સાત સમુદ્રની રચના કરી છે. નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયના બાવન પર્વતોનો સુંદર દેખાવ કરી તેના ઉપર બાવન ચૌમુખજી ગોઠવેલા છે.

સહસ્ત્રકૂટનું વિ.સં. ૧૮૭૩ માં અને નંદીશ્વરદ્વીપનું મંદિર વિ.સં. ૧૮૮૦ માં શ્રી સંઘે બંધાવ્યાં છે. એ સંબંધી શિલાલેખો વિદ્યમાન છે.



મુખ્ય મંદિરની પાછળ શ્રી કુંથુનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર છે.



પશ્ચિમદિશા સ્થિત ચરણપાદુકાની પાંચદેરીઓ

પશ્ચિમ દિશામાં એક વિશાળ ચોતરા ઉપર નાની નાની દેરીઓમાં જુદા જુદા સાધુ પુરુષોની ચરણપાદુકાઓ સ્થાપિત કરેલા છે.




તીર્થનું ઉત્તરાભિમુખ પ્રવેશ દ્વાર



ખંડિત શિલ્પ

વરસોના વહેણ સાથે કાળની થપાટો અને સમયના પ્રવાહે મંદિરને જીર્ણ-શીર્ણ બનાવ્યું તો કલાના ઉત્કૃષ્ટ નમૂના જેવા બાહરી વિસ્તારના શિલ્પના રૂપકમો ખંડિત બની ગયા, ઘસાઈ ગયા અને માટી-વરસાદ વગેરેના લીધે પોપડાં બાઝતા ગયા અને કાળક્રમે માટીના થર બાઝી ગયા. ક્યાંક હાથ અડધા ખંડિત બની ગયા તો કોક શિલ્પના આંગળા તૂટી ગયાં. ક્યાંક ખભા ક્ષત વિક્ષત બની ગયાં. અને દેખાવમાં પણ બદસૂરત થઈ ગયાં. આ દરમ્યાન એની સુરક્ષાના ઉદ્દેશથી અથવા વધુ કાળા ન પડે એ હેતુથી એના ઉપર ચૂનાના થપેડા પણ કરાયા અને ઉપરાઉપરી ચૂનાના લપેડાઓએ સમગ્ર શિલ્પને ઢાંકી દીધું. વહીવટી પ્રશ્નો અને સાચવણીની સમસ્યાઓ ગંભીર બનતી ચાલી. જોકે આસપાસના સંઘોએ આ તીર્થને સાચવ્યું, સંભાળ્યું. છેવટે ટીંબાના જૈન સંઘ તથા તારંગાજી જૈન શ્વેતાંબર તીર્થ કમિટિએ વિ.સં. ૧૯૯૭ (ઇસ્વીસન ૧૯૨૧)માં આણંદજી કલ્યાણજી પેઢીને વહીવટ સોંપ્યો. આ અંગે આ.ક પેઢીનો ઈતિહાસ ભા.૨માં નોંધાયેલ મુનિશ્રી મોતિવિજય ની એ ૨૪-૧૯૨૦ નો પેઢીને લખેલો પત્ર તથા સુપ્રસિધ્ધ આચાર્ય બુધ્ધિ સાગરજી (ત્યારે મુનિ બુદ્ધિસાગરજી)ની ભલામણ પણ સૂચક હતા.

ઇસ્વીસન્ - 1963 માં પેઢી તરફથી આ તીર્થના શ્રી અજિતનાથ- સ્વામી જિનાલયનો સર્વાંગી જિર્ણોદ્ધાર પ્રારંભાયો, જિર્ણોદ્ધાર, પુનર્નવીનીકરણની આ તમામ પ્રક્રિયા પેઢીના તત્કાલીન પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ તથા અન્ય ટ્રસ્ટીઓની દેખરેખ અને પ્રખ્યાત સોમપુરા મનસુખભાઈના નિર્દેશન હેઠળ તેમા સહયોગીઓ તથા



ખંડિત શિલ્પ





લાક્ષણિક મુદ્રાઓ

સહકાર્યકરો દ્વારા પ્રારંભાઈ.

આ સમગ્ર કાર્યવાહી અત્યંત મહેનત, ધીરજ, કાળજી અને પરિશ્રમ માંગી લે એવી હતી. જેમાં પૂતળીઓના અંગોપાંગ, ખંડિત અંગોપાંગ કે એના તૂટેલા હિસ્સાઓ પહેલા પ્લાસ્ટર ઓફ પેરિસથી નિર્મિત કરીને ગોઠવીને જોડીને જોયા. પછી એકદમબરાબર ઉપયુક્ત લાગતા એને મૂળના જેવો પાષાણ મેળવીને ઘડવામાં આવ્યા અને એવી રીતે જોડી દેવામાં આવ્યા કે ક્યાંક, કોઈ રીતે સંધાન વર્તી ના શકાય સાંધો કે જોડ-તોડ કળી ના શકાય! આ કામ જેવું તેવું ન હતું. પણ શેઠ કસ્તુરભાઈની કલાની કુનેહ અને કળા સ્થાપત્યની પુનઃસ્થાપનાની તેમની સૂઝબૂઝ કામે લાગી. અને એમને જે શિલ્પી મળ્યા તે મનસુખભાઈ તથા તેમના સાથી કારીગરોની કુશળતા-દક્ષતાને લીધે અસંભવ લાગતી વાત પણ સંભવ બની. સોમપુરાઓએ ખરેખર શિલ્પના પુનઃસ્થાપનમાં પ્રાણ ભરી દીધા. ચતુર્વિધ સંઘના પરમ પૂણ્યોદયે, પૂજ્ય આચાર્યભગવંતો, મુનિભગવંતોના આશીર્વાદ સાથે તીર્થ પ્રત્યે શ્રદ્ધા ભક્તિ ધરાવતા આરાધકો-સાધકોની સૂક્ષ્મઉર્જાના બળે, નિષ્ણાત સોમપુરાઓના સમુચિત માર્ગદર્શન અને દોરવણીના તળે આ કાર્ય સમ્પૂર્ણ થઈ શક્યું. જો કે એમાં ૧૩ વર્ષના વહાણા વાયા, શક્તિ, સંપત્તિ અને સમયનો સારો એવો સદ્વ્યય થયો. એ વખતે લગભગ ૧૫ લાખ રૂ. નો વ્યય થયો. આ કાર્ય મુશ્કેલ અને ઉચ્ચકક્ષાની આવડત ઉપરાંત ધીરજ અને સૂઝ માંગી લે તેવું હતું.




ખંડિત શિલ્પ





આ તીર્થમાં આવેલા નિમ્ન ત્રણ સ્થાનો તારંગાની ટૂકો રૂપે જાણીતા છે.

(ટૂક-૧) **મોક્ષ(પુણ્ય)બારી :** મુખ્ય મંદિરથી પૂર્વ દિશામાં અડધો માઈલના અંતરે એક શિખરની ટોચ ઉપર દેરી બનાવેલી છે. આ સ્થાનને 'પુણ્યબારી' અથવા મોક્ષબારી પણ કહેવામાં આવે છે. દેરીમાં શ્રી અજિતનાથ ભગવાન વગેરેની ચરણપાદુકા છે. પ્રાચીન મોટી ચરણપાદુકા ઉપર બીજી ગોઠવેલી ચરણપાદુકા છે, જેના પર સં. ૧૮૬૬ નો લેખ છે. અહીં એક ખંડિત મૂર્તિના પણ દર્શન થાય છે. આ દેરીના ઉપલા ભાગે સાદા પરિકરવાળી ભગવાનની મૂર્તિ છે. પરિકર પ્રાચીન છે. ગાદી નીચે સં. 1235 વૈશાખ સુદિ 3 નો લેખ છે.





**મોક્ષબારી ઉપર સ્થિત દેરી/મોક્ષબારીની ટૂક**

(ટૂક-૨) **કોટિશિલા :** મુખ્ય મંદિરથી દક્ષિણ દિશામાં અડધો માઈલ દૂર જતાં કોટિશિલા નામનું સ્થળ આવે છે એ માર્ગે જતા વચ્ચે એક તળાવ આવે છે તેને 'લાડુસાર' કહેવામાં આવે છે. તથા પાસે એક કૂવો છે. ત્યાંથી કોટિશીલા તરફ જવાનો રસ્તો જુનો હતો. ટેકરી બહુ ઊંચી છે. રસ્તામાં ગુફાઓ બહુ આવે છે બે પત્થરના બનેલા ખડકોમાંથી રસ્તો નીકળે છે. પહાડની ઊંચી ટેકરી ઉપર એક વિશાળ શિલા ઉપર આ સ્થાન બનેલું છે. અહીં કરોડો મુનિઓ સાધના કરી મુક્ત થયા હતા, તેવી માન્યતા હોવાથી તેથી તેને નામ ક્રોડ શિલા-કોટિશિલા કહેવામાં આવે છે.

કોટિશિલા તરફ જવાનો રસ્તો જુનો હતો. ટેકરી ઉંચી છે, રસ્તામાં ગુફાઓ આવે છે બે પત્થરના બનેલા ખડકો માંથી રસ્તો નીકળે છે, કોટિશિલા વાળી ટેકરી ઉપર

ચૌમુખજીની દેરી છે. આ કોટિશિલા માટે 'હીર સોભાગ્ય' નામના સંસ્કૃત કાવ્ય ગ્રંથમાં કહ્યું છે કે (હિમાલય - કૈલાશ પર્વત જેવા ઉત્તુંગ-ગગનચુંબી પર્વત ઉપર કરોડ સંખ્યાના મુનિઓ માટે જાણે શિવ વહુ (મુક્તિ રૂપી વધૂ) વિવાહના ઉત્સવ પ્રસંગે સ્વયંવરની ભૂમિ જેવી કોટિશિલા વિદ્યમાન છે - અહી કરોડો મુનિઓ મોક્ષે ગયાની વાતને આલંકારિક રીતે પ્રસ્તુત કાવ્ય હીર સૌભાગ્યના કર્તા દેવવિમલ ગણી વાચકે ગૂંથી છે.) કોટિશિલાના નામે ઓળખાતી ટેકરી ઉપર મોટા ચોતરા ઉપર વચ્ચોવચ્ચ ઉભી દેરીમાં ચૌમુખજી તરીકે પાર્શ્વનાથ ભગવાનની ચતુર્મુખ પ્રતિમાઓ છે. સાથે વીશ વિહરમાન જિનના પગલા છે. પગલા ઉપર વિ.સં. ૧૮૨૨ ના જેઠ સુદ-૧૧, બુધવારના દિવસે શ્વેતાંબર તપાગચ્છીય આચાર્ય શ્રી ધર્મસૂરીશ્વરજીએ પ્રતિષ્ઠા કારાવ્યાનો ઉલ્લેખ છે.

એક મોટા ચોતરા ઉપર વચ્ચે મોટી દેરીમાં ચૌમુખજી તરીકે પાર્શ્વનાથ ભગવાની ચતુર્મુખ પ્રતિમાઓ છે. અને વીસ વિહરમાન જિનની ચરણપાદુકા છે. ચરણપાદુકા ઉપર સં.૧૮૨૨ ના જેઠ સુદ-૧૧ ને બુધવારે તપાગચ્છીય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે.










પર્વતની પહેલી ટૂક કોટિશિલાનું દ્રશ્ય



(ટૂક-૩) **સિદ્ધશિલા :** મુખ્ય મંદિરથી દક્ષિણ - પશ્ચિમના વાયવ્ય કોણમાં એક ટેકરી ઉભી છે, જે "સિદ્ધશિલા" તરીકે ઓળખાય છે. આ ટેકરી પરની શ્વેતાંબર દેરીમાં ચૌમુખજીની ચાર પ્રતિમાઓ છે, જેમાં ભગવાન સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ, અરનાથ તથા નેમિનાથની પ્રતિમાઓ છે. તેના ઉપર સં. 1836 નો લેખ છે.

અહીં ૧ મોટી તથા ૨ નાની કુલ ૩ શ્વેતાંબર દેરીઓ છે. હાલમાં જ આ બંને ટેકરીઓ સુધી જવાના રસ્તા અને પગથિયા વગેરેનું સમુચિત સમારકામ પેઢી તરફથી કરવામાં આવ્યું છે.





પર્વતની બીજી ટૂક સિદ્ધશિલાનું દ્રશ્ય

મુખ્ય મંદિરથી ટીંબા તરફના રસ્તામાં બે દરવાજાવાળી ગુફાઓ બાંધેલી છે.

આસપાસની ભૂમિઉપર કેટલાંયે અવશેષો નજરે ચડે છે. તળેટી અને ટીંબાના રસ્તે કિલ્લાની પ્રાચીન ભીંતો ધ્વસ્ત હાલતમાં દેખાય છે. વર્તમાનમાં તો આ તીર્થનો વિકાસ સારો એવો થયો છે. આણંદજી કલ્યાણજી પેઢી તીર્થના સંરક્ષણ-વિકાસ અને સમગ્ર વ્યવસ્થા તંત્રનું સંચાલન કરે છે. વ્યવસ્થાથી સુસજ્જ ધર્મશાળાઓ તથા ભોજનશાળા વગેરેની વ્યવસ્થા સુંદર હોવાથી અહીં આવનારા સંઘો તથા અન્ય યાત્રિકોને વિશાળ ધર્મશાળામાં તમામ સગવડતાઓ મળી રહે છે.

પેઢી પાસે એક જ્ઞાનભંડાર પણ છે. જેમાં યાત્રિકો તથા આગતુકો માટે વાંચન - સ્વાધ્યાર્થે પુસ્તકોનો સંગ્રહ છે

પેઢી દ્વારા પ્રકાશિત પુસ્તકો, ડીવીડી, વગેરેના વેચાણની વ્યવસ્થા પણ અહીં છે.


ટોરેન્ટ પરિવાર દ્વારા નિર્મિત યુ.એન. મહેતા ધર્માશાળા


શ્રીમતી ચંપાબેન પ્રેમચંદ ઈશ્વરલાલ શાહ યાત્રિક ભવન


ઉકાળેલા પાણી તથા ઠંડાપાણીની પરબ

**તારંગા તીર્થમાં કુલ ૪ ધર્મશાળાઓ છે.**

(1) જૂની ટોરેન્ટ ધર્મશાળા માં આધુનિક સુવિધાસંપન્ન ૨૪ રૂમો તથા ૪ મોટા હોલની સગવડતા છે.

(૨) નવી ટોરેન્ટ ધર્મશાળા જેમાં આધુનિક સુવિધા સંપન્ન ૨૦ રૂમો તથા ૨ વિશેષ રૂમો છે.

(૩) ગિરીશ વિહાર ધર્મશાળામાં ૮ રૂમો છે.

(૪) ચંપાબેન ધર્મશાળામાં ૮ રૂમો છે.

(૫) આ ઉપરાંત યાત્રાર્થે આવનારા સંઘોની વિશેષ સગવડતા માટે નાના મોટા ૨ રસોડાઓ પણ છે.

**ઉપાશ્રય :** વિહાર કરીને આ તીર્થમાં પધારતા પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજ સાહેબને ઉતારવા માટે ૨ અલગ ઉપાશ્રયોની વ્યવસ્થા છે.


તીર્થ સ્થિત ભોજનશાળા

**ભોજન શાળા :** આ તીર્થમાં સુંદર મજાની ભોજનશાળા છે. જેમાં ભોજન ઉપરાંત અલ્પાહાર માટે કેન્ટીનની વ્યવસ્થા છે. ભોજનશાળાનો વહીવટ સ્વતંત્ર ટ્રસ્ટ હસ્તક છે. ભોજનશાળામાં ભાતાખાતાની વ્યવસ્થા પણ છે.

તળેટીની ઉત્તર દિશામાં દોઢેક માઈલના અંતરે તારણમાતાનું મંદિર છે. તારાદેવીની મૂર્તિ સફેદ પાષાણમાંથી બનાવેલી છે. આ મંદિર પ્રાચીન છે. આ મંદિર પાસે ધારણદેવીનું મંદિર પણ એક ગુફામાં છે. મંદિરમાં આઠેક બૌદ્ધ મૂર્તિઓ છે.

મુખ્ય મંદિરથી વાયવ્ય ખૂણામાં એક ગુફા છે. તેને લોકો "જોગીડાની ગુફા" કહે છે. આ ગુફામાં એક લાલવર્ણી પથ્થરમાં બોધિવૃક્ષ નીચે ચાર બુદ્ધ મૂર્તિઓ કંડારાયેલી જોવાય છે. દર વર્ષે કાર્તિકી અને ચૈત્રી પૂર્ણિમાએ અહીં મેળા ભરાય છે.

ભારતભરના જૈન સંઘો માટે આજે આ તીર્થ બેનમૂન કળા અને સ્થાપત્યનું જીવંત સ્મારક તરીકે ઉપસી આવ્યું છે. કુદરતની પર્વતીય, વનરાજી, વૃક્ષો, ઝરણાઓ, શાંત નીરવતાસભર વાતાવરણ, સ્વચ્છ, શુભ્ર આકાશના તળે ઉભેલા આ તીર્થના દેરાસરમાં, પરિસરમાં પરમાત્મભક્તિ,. પ્રીતિ, આરાધના/સાધનાના સહારે સાધકો સમત્વની આત્માનુભૂતિમાં એકાકાર બની જાય છે.

આ તીર્થની ભૂમિ સહજ રીતે પાવન છે. અહીંના રજકણ પવિત્ર છે. આ જગ્યા પાપક્ષયકારી છે. કારણ અહીં ઉત્તુંગ જિનાલય છે. દ્વિતીય તીર્થંકરની વિશાળકાય મનોનયકારી જિનપ્રતિમા છે. ભક્તિના ભાવોથી પ્રભાવી વાતાવરણ છે - ભાવસભર લાખો-કરોડો યાત્રાળુઓના શુભભાવ, ભક્તિ અને શ્રદ્ધાના સ્પંદનો, આંદોલનો અહીં જીવંત બનીને સચવાયેલા છે.

**તારંગા તીર્થના મુખ્ય પ્રસંગો**

મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની વર્ષગાંઠ તથા ધજાનો દિવસ આસો સુદ-૧૦ (દશેરા)



**તીર્થની યોજનાઓ :**

રૂ. ૫,૦૦,૦૦૦ આપનાર દાતાના નામથી ધર્મશાળામાં થનાર ઓફિસનું નામકરણ થશે.

રૂ. ૩,૦૦,૦૦૦ આપનાર દાતાના નામથી ધર્મશાળઆની નીચેની ઉપાશ્રય વીંગનું નામકરણ થશે.

રૂ. ૨,૦૦,૦૦૦ આપનાર દાતાના નામદરેક એટેચ બાથરૂમસાથેની સગવડતાવાળા રૂમઉપર તક્તીમાં લખવામાં આવશે.

**કાયમી તિથિઓ :**

- શ્રી સર્વસાધારણ ૫,૦૦૦/-
- શ્રી દેરાસર સાધારણ ૩,૦૦૦/-
- શ્રી ઉકાળેલા પાણી ૧,૧૧૧/-
- શ્રી અખંડ દીવો ૧,૧૦૦/-

**તારંગા તીર્થના સમીપના અન્ય તીર્થો**


| | |
|---|---|
| સંભવનાથ આરાધના કેન્દ્ર | ૦૯ કિ.મી. ફોન નં. ૦૨૭૬૧-૨૯૨૯૫૬ |
| વડનગર જૈન તીર્થ | ૩૮ કિ.મી. ફોન નં. ૦૨૭૬૧-૨૨૨૩૩૭ |
| વાલમ જૈન તીર્થ | ૫૫ કિ.મી. ફોન નં. ૦૨૭૬૫-૨૮૫૦૪૩ |
| કુંભારિયા જૈન તીર્થ | ૬૧ કિ.મી. ફોન નં. ૦૭૪૯-૨૬૨૧૭૮ |
| અંબાજી જૈન તીર્થ | ૫૯ કિ.મી. ફોન નં. ૦૨૭૪૯-૨૬૪૧૦૯ |

**તારંગા અને મુખ્ય શહેર વચ્ચેનું અંતર**

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૩૬ કિ.મી. | મહેસાણા (વાયા વીસનગર) | ૦૭૩ કિ.મી. |
| વિસનગર (વાયા વડનગર) | ૦૪૮ કિ.મી. | ગાંધીનગર (વાયા ગોજારીયા) | ૧૦૯ કિ.મી. |
| આબુરોડ (વાયા અંબાજી) | ૦૭૨ કિ.મી. | અંબાજી (વાયા દાતા-ભવાનગઢ) | ૦૫૨ કિ.મી. |
| હિંમતનગર (વાયા અંબાજી) | ૦૭૭ કિ.મી. | પાલનપુર (વાયા અંબાજી) | ૦૬૦ કિ.મી. |

શ્રી તારંગાતીર્થ
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
તારંગા હિલ : ૩૮૪૩૫૦
તા. સતલાસણા જિ. મહેસાણા
ફોન નં.: ૦૨૭૬૧-૨૯૫૦૭૧
મો.: ૯૪૨૮૦૦૦૬૧૨ (મેનેજર)




ટમટમતા તારલિયા વચ્ચે તારંગાનું દેરાસર
શ્રી તારંગાતીર્થ
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
તારંગા હિલ : ૩૮૪૩૫૦
તા. સતલાસણા જિ. મહેસાણા
ફોન નં.: ૦૨૭૬૧-૨૯૫૦૭૧
મો.: ૯૪૨૮૦૦૦૬૧૨ (મેનેજર)